# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

## સલામી સવારની..

લોકાર્પણ-લટકામાં મતનાં છટકાં થાય છે,
દેસે ફટકા ચૂંટણીમાં એના ખટકા થાય છે,
ઝટકા લાગે છે બધી બાજુથી ઘેરાઇ જવાના -
ધર્મ - સમાજોમાં મતદારના કટકા થાય છે
(સંમેલનો શરૂ)

## હાઇકુ

મેદની જોઇ,
દોડે દિશા વગર -
થાય ભૂરાંટા..
(અન્ના-બાબા અપવાસો)

મળતો નથી,
અહીં, વર્ષાદ પણ -
ઘરણા વિનાં..
(સરકારી રસમ)

## ચિંતન

**મલયાચલ ગંધેન ઇંધન ચંદનાયતે ।**
**તથા સજ્જન સંગેન દુર્જનઃ સજ્જનાયતે ॥**

'જેમ મલયાચલ પર્વત પર આવેલાં ચંદન વૃક્ષોના સતત સંપર્કને કારણે સાદું લાકડું - વૃક્ષ પણ ચંદન જેવી સુગંધ ધરાવતું થઇ જાય છે. (અલબત્ત, ત્યાંની માટી અને વૃક્ષના મૂળને કારણે) તેમ સતત સજ્જન માણસોના સત્સંગમાં રહેવાથી દુર્જન પણ સજ્જનતાવાળો થઇ જાય છે, અર્થાત એનામાં આમૂલ પરિવર્તન આવી જાય છે.'

વ્યક્તિ ગમે તેટલી ગુણવાન-ધનવાન કે તાકાતવાન હોય પણ એનાં સદ્ગુણ અને સંપત્તિ અને એનું શારીરિક બળ-શક્તિ જો સમાજ સેવામાં ન વપરાવવાનાં હોય તો બધું જ નિરર્થક અને નિરૂપયોગી ગણાય. માણસના બધા સદ્ગુણ-શક્તિ જ્યારે સમાજસેવા માટે જ વપરાય ત્યારે તે યથાર્થ થાય.

સારા માણસની સાથેના સતત સત્સંગ-સંપર્કથી દુર્જનમાં પણ સારપ આવવા લાગે છે. એવાં ઘણાં પ્રાચીન ધર્મગ્રંથોમાં દૃષ્ટાંત-ઉદાહરણો છે, જે મૂળ સ્વભાવે દુર્જન હોય પણ સંતના સંપર્ક પછી સજ્જન થઇ ગયા હોય.

વાલિયામાંથી મહાકવિ વાલ્મિકી અને અંગૂલીમાલનાં દૃષ્ટાંતો તેનાં જીવંત ઉદાહરણ છે, જેમ લોખંડને પારસમણિનો સ્પર્શ સુવર્ણ બનાવી દે છે તેમ 'સત્સંગ'થી દુર્જન પણ સજ્જન થઇ જાય છે.

## સુવિચાર

- ગુસ્સો એ પવનનો એવો સુસવાટ છે જે દિમાગના બધા જ દીવા ને એક ઝાપટમાં હોલવી નાખે છે - **ઇગર સોલ**
- ગુસ્સો એ શક્તિ નથી, શક્તિનો બગાડ છે - **જેમ્સ એલન**
- ગુસ્સામાં પણ જે ઉશ્કેરાટ નથી અનુભવતો એ માણસ સાચો ધીર-ગંભીર અને બુધ્ધિશાળી છે - **શેખ સાદી**
- ગુસ્સામાં માણસ બીજાના કરતાં પોતાની જાતને વધારે નૂકશાન પહોંચાડે છે - **વોલ્ડ સ્મિથ**
- જે સમયે તમને ક્રોધ આવે તે સમયે જ તેના પરિણામનો પણ વિચાર કરજો- **કોન્ફ્યુશિયસ**
- ક્રોધ નબળાં મનની નિશાની છે તે હંમેશાં મૂર્ખાઓ પાસે જ જાય છે, જ્ઞાની પાસે નહીં - **મહર્ષિ પારાશર**
- ક્રોધને કાબૂમાં રાખવાની સરળ યુક્તિ છે - મૌન - **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

આજે યુવાન પેઢી વ્યસનોને રવાડે ચડી દારૂ, અને માદક દ્રવ્યોની મહેફિલો માણે છે, વસ્ત્રોની મર્યાદા ટૂંકી થતી જાય, ફિલ્મો ટીવીના કલાકારો-નૃત્યો એમનું પ્રેરકબળ રહ્યાં છે. મદ્રેસાઓ કટ્ટરવાદનું શિક્ષણ આપે છે. ગેંગ લીડર પ્રોત્સાહન આપે છે. બાળકો-યુવાનો 'મિડિયા' દ્વારા ન શીખવાનું જ વધારે શીખે છે છતાં પણ આપણે તેમને 'વિકાસ-પ્રગતિ-અદ્યતન-આધુનિકતા' કહી પ્રોત્સાહન આપીએ છીએ.

બે લશ્કર લડતાં હતા. ખૂબ કાપાકાપી થઇ, એમાં જે પક્ષ હારતો હતો એમાં ખૂબ નાશભાગ થઇ, પણ એ હારતાં લશ્કરના સેનાપતિના હાથમાં એક રણશીંગુ વગાડનાર સામા પક્ષનો સૈનિક આવી ગયો.

સેનાપતિએ રણશીંગુવાળા સૈનિકને તલવારથી ઉડાડવાની તૈયારીમાં જ હતો ત્યાં એ સૈનિક કરગરી બોલ્યો, ભાઇ સાબ! મને શું કામ મારો છો? મને તો તલવારબાજી જરા પણ આવડતી નથી અને તમારા સૈન્યનો એક પણ સૈનિક મેં માર્યો પણ નથી!

સેનાપતિ ગુસ્સે થઇ બોલ્યો, અરે બદમાશ અમારા પતનની શરૂઆત થઇ ત્યારથી જ હું તને શોધતો હતો. તારા રણશીંગાની પ્રેરણાથી જ તમારી સેનાને પ્રેરણા મળી અને અમારી હારનું કારણ બની.'

દુષ્કર્મ કરનાર કરતાં પણ તેનો પ્રેરક વધારે દોષિત છે.

# આપણો દેશ સંસ્કૃતિની દૃષ્ટિએ દુનિયાભરમાં શ્રેષ્ઠ છે, તેને આ લોકો વિદેશી સભ્યતા સાથે જોડીને વાસનામય બનાવી રહ્યા છે, હવે પછીના સમયમાં આવી સિરિયલો અને સિનેમા જોઈને બાળકો છાકટાં બની જશે ત્યારે શું થશે?

## નવાં કલેવર

- નટવર હેડાઉ

'રીયા તું આ શું કરે છે? જરીવાળાં ભારે કપડાં પહેરીને ગેસ પર ખાવાનું બનાવવા લાગી છો.'

'મધર ઇન-લો હું ખાવાનું બનાવતી નથી. બસ એક આમલેટ બનાવી રહી છું. કામવાળી આજે આવવાની નથી એ મને ખબર હોત તો હું ઘેર આવત જ નહીં.'

'વહુ કામવાળી ન આવી તો શું થયું. તેં મને કહ્યું હોત તો હું તારા માટે ખાવાનું બનાવી દેત, અથવા તો પછી તું કપડાં બદલીને બનાવ. ગેસમાં કપડાં ક્યાંક અડી જશે. કેટલાં મોંઘા કપડાં છે. તેમાં ઘી કે હળદરના ડાઘ પડશે.'

'મધર ઇન લો તમે તો ઇંડાને હાથ અડાડતાં નથી. અને આ સાડી. એ તો શુટીંગવાળાઓની છે. તેમાં મારા બાપાનું શું જાય છે. મારી સિરિયલનું શુટીંગ અહીં નજીક એક બંગલામાં ચાલે છે. તેથી ફ્રેશ થવા હું ઘેર આવી ગઇ. કામવાળી નથી આવવાની એ ખબર હોત તો ન આવત.'

સમતાને આ બહુ વિચિત્ર લાગ્યું. સાડી શુટીંગવાળાઓની છે તો શું થયું? કારણ વગર કોઇનું નુકશાન થાય એ તો સારું ન જ કહેવાય. સમતા એ જ વિચાર કરતી હતી ત્યાં તેની દીકરી નિલિમા આવી.

'મમ્મી જમવાનું બનાવ્યું છે? મારા ઘેરથી આજે ટીફીન નથી આવ્યું. હું ઘેર જઇશ તો મારી સાસુ મને કેટલુંય સંભળાવશે. શી ઇઝ ઓલ્ડ લેડી. પોતાના જમાનાની વાતો કર્યા કરે છે. વહુ તું હજી ઘેર જ છે. અને સિરિયલના સેટના આવા કપડાં પહેરીને ચાલી આવી. આ ગાઉનમાં તારી છાતી આખી દેખાય છે.' 'હાં, નિલિમા એ સાચું જ કહે છે.'

'મમ્મી તમે પણ શું, મારી સિરિયલના સેટ પર નાઇટ સીન ચાલતો હતો. બીજા સીનને હજુ બે કલાકની વાર છે. તેથી મેં ગાડી ચાલુ કરી અને ઘેર આવતી રહી. મને એ વખતે કપડાંનું કંઇ ધ્યાન નહોતું રહ્યું. જમવાનું કંઇ છે?'

'ના, બેટા આજે તો મેં ખીચડી બનાવી છે.' સમતાનો દીકરો રાજેશ લંડન ગયેલો છે. અને વહુ સિરિયલના શુટીંગમાં બિઝી છે. તેથી તેણે પોતાના માટે ફક્ત ખીચડી બનાવી છે.

'નિલિમા તું કહેતી હોય તો તારા માટે જલ્દીથી ગરમ પરોંઠા બનાવી આપું.'

'છોડો, મમ્મા હું કોઇ હોટલમાં જઇને ખાઇ લઉં છું. પણ તમે આટલું ભણી ગણીને એક ઉચ્ચ કોટીની લેખિકા હોવા છતાં ખીચડી.'

સમતાને એ વાત ગમી નહીં. તેને એમ લાગ્યું કે જો નિલિમા મને આવું કહી શકે તો તેની સાસુ સાથે કેવી રીતે વર્તતી હશે. નિલિમા એ પણ પ્રેમલગ્ન કરેલાં છે. તેના પતિના માતા-પિતાને આ સંબંધ મંજૂર નહોતો. કેમ કે એ લોકો મોટા ઉદ્યોગપતિ છે. તેમને એક સંસ્કારી કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. અર્થાત એક સન્માનિત ઉદ્યોગપતિ કુટુંબ છે. પરંતુ દીકરાની જીદ પાસે તેમનું કંઇ ચાલ્યું નહીં. તેથી તેમણે નિલિમા સાથે લગ્ન કરવાની દીકરાને સંમતિ આપી દીધી.

નિલિમાને આ પહેલાં પણ એકવાર સમતાએ ઠપકો આપ્યો હતો. જ્યારે નિલિમાએ તેની સાસુને વગોવતાં જૂના જમાનાની રૂઢિવાદી ડોસી કહેલી. આજે પણ નિલિમા એવું જ કંઇક કહેતી હતી.

'અરે મમ્મા તમે ને મારી સાસુ બંને એક જેવા જ છો. બે દિવસ પહેલાં મેં એક કોમેડી શોમાં ભાગ લીધો તેમાં મારી સાસુએ ઘર આખું માથે લઇ લીધું. તે બૂમો પાડવા લાગ્યા કે તેં આવી બોગસ સેક્સી કોમેડીમાં ભાગ શું કામ લીધો. વહુ આપણે ત્યાં કંઇ ખોટ છે?' એ વાતે પછી તો નિલિમાએ પણ બહુ ઝઘડો કર્યો. સમતાને ત્યારે એ જરાય ગમ્યું ન હતું. સમતા પોતાની દીકરીના આ વર્તનથી દુ:ખી છે. સમતાને ખબર છે કે નિલિમાના સાસરીવાળાંઓને ફિલ્મ અને ટી.વી. પ્રોગ્રામોમાં જરાય રસ નથી. તેમના ખાનદાનમાં કોઇએ કયારેય કલાક્ષેત્રે કોઇ કામ કર્યું નથી. હાં અનેક કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા એ લોકોએ મોટાં દાન આપ્યાં છે.

મારી દીકરીની તેની સાસુને રૂઢિવાદી કહીને તેની મજાક ઉડાવે છે. પણ ખરી વાત એ છે કે તેની સાસુએ જ તેને ટી.વી. સિરિયલમાં કામ કરવાની મંજુરી આપી છે. અને વહુની ખુશી માટે તેમણે પતિને પણ સમજાવ્યાં છે.

નિલિમાની સાસુએ તેને છૂટ આપતી વખતે બસ એટલું જ કહેલું કે 'જુઓ વહુ અત્યાર સુધી તો ફિલ્મો અને તેમાં ફિલ્મવાળાં ખરાબ પાત્રોથી હેરાનગતિ હતી. પણ હવે ટી.વી. સિરિયલ? સિનેમા જોવા જઇએ કે ન જઇએ. પણ આ ટી.વી. પ્રોગ્રામોનું શું કરવું? એ તો માથે મરાતા જ રહે છે. મનોરંજનના નામે આ ઉઘાડા દૃશ્યો, બનાવટી ચરિત્રો, ચિત્રવિચિત્ર પ્રકારની વાર્તાઓ, માથું ફરી જાય એવું સંગીત, કલાને નામે ફેશન પરેડ જેવાં વસ્ત્રો ને આભૂષણો, એકબીજા પ્રત્યે ષડયંત્ર અને સાજિસો, તેમાં આદર સન્માનનું તો નામોનિશાન ન મળે. ફક્ત ધૃણા ફેલાવે છે. ચુંબન આપીને પ્રસિધ્ધિ મેળવવાની રીત અને આ ગુન્હાગીરી ભર્યા વર્તન.'

આપણો દેશ સંસ્કૃતિની દૃષ્ટિએ દુનિયાભરમાં શ્રેષ્ઠ છે. તેને આ લોકો વિદેશી સભ્યતા સાથે જોડીને વાસનામય બનાવી રહ્યાં છે. હવે પછીના સમયમાં આવી સિરિયલો અને સિનેમા જોઇને બાળકો છાંકટાં બની જશે ત્યારે શું થશે?

સમતાને આ બધું વિચારતાં ખુબ ગુસ્સો આવ્યો. તેથી તેણે સિનેમા અને સિરિયલોની વિરૂધ્ધમાં એક જોરદાર લેખ લખી નાખ્યો. અને એક પ્રખ્યાત મેગેઝીનમાં છાપવા મોકલી આપ્યો. જયારે લેખ લખાયો ત્યારે સમતાના ઓળખીતા અને મિત્રોએ ખુબ અભિનંદન આપ્યા. ત્યારે સમતાને પોતે સામાજિક જવાબદારી નિભાવવાનો આનંદ મળ્યો. નિલિમાને તેની સાસુએ લેખ વાંચવા કહ્યું ત્યારે એ બોલી.

'મમ્મી એમાં શું, એવાં લેખ તો મારી મમ્મી લખ્યા જ કરે છે, તેને દરેકમાં કંઇ ને કંઇ ખોટું જ દેખાય છે. અને તમે તો રૂઢિચુસ્ત છો જ.'

આ શબ્દથી નિલિમાની સાસુને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે પહેલીવાર નિલિમાને ધમકાવી. બંને વચ્ચે ખાસ્સી જીભાજોડી થઇ તેથી નિલિમાએ ઘર છોડી દીધું. નિલિમા પોતાની મા ને ઘેર પણ ન ગઇ. કયાંક ભાડાનું મકાન લઇ રહેવા લાગી. નિલિમાના પતિએ તેને ખૂબ સમજાવી પણ નિલિમા કંઇ સાંભળવા તૈયાર ન હતી. આજે નિલિમા માટે જાણે પ્રેમ પણ કંઇ ન હતો. ખરેખર તો તેને પ્રેમલગ્ન કરેલાં. નિલિમાએ પોતાના વકીલ દ્વારા ડિવોર્સના કાગળો મોકલાવ્યા અને વળતર તરીકે બસો કરોડ રૂપિયાનો દાવો ઠોકી દીધો. આ વાત સમતાને એક છાપામાં છપાયેલ સમાચારથી જાણવા મળી. તેમાં લખ્યું હતું કે એક ઉદ્યોગપતિની વહુએ બસો કરોડનો દાવો ઠોકી દીધો.

સમતાએ પોતાનાં દીકરા રાજેશને લંડન ફોન લગાવ્યો અને તાત્કાલિક આવી જવા કહ્યું. બીજે દિવસે સમતાની વહુએ પણ સાસુ સાથે ઝઘડો કર્યો.

'મધર ઇન લો, તમારે મારી સિરિયલની વિરૂધ્ધમાં લખવું ન જોઇએ. મારો પ્રોડ્યુસર મને સિરિયલમાંથી કાઢી મુકવાની કોશિષ કરે છે. પણ આ સિરિયલ આખી મારા પર જ ડિપેન્ડ છે. પણ તેથી શું, વાર્તામાં ફેરફાર કરાવી ને મને મરાવી નાંખશે અને કાઢી મુકશે. મધર ઇન લો તમારે લેખ લખતાં પહેલાં જરા વિચારવું તો હતું. હું બહુ જલ્દી નંબર વન પર આવવાની હતી. મારી તો બધી મહેનત પર તમે પાણી ફેરવી દીધું.' વહુએ એ જ વખતે ગુસ્સે થઇ રાજેશને લંડન ફોન લગાવ્યો. 'તું ઇમીડીયેટલી ઇન્ડિયા આવી જા અને તારી મધર ને સમજાવ. નહીં તો હું મારા પપ્પાને ઘેર જતી રહું છું.'

બિચારા રાજેશને કંઇ સમજાયું નહીં. તે લંડનમાં પોતાનું કામ અધુરૂં છોડી જે ફ્લાઇટ મળી તેમાં આવી ગયો.

રાજેશે તેની પત્ની અને બહેનને વારાફરતી સમજાવી. પણ બેમાંથી કોઇ માનવા તૈયાર ન હતી. રાજેશને બંનેનું આ વર્તન સારું લાગતું ન હતું. પણ કરવું શું? એક તરફ બહેન અને બીજી તરફ પત્નીનું દબાણ. તેણે પોતાની મા ને કહ્યું, 'મમ્મી આ તમે આ લોકોની સિરિયલવાળાઓની લેખિત માફી માંગી લો.'

સમતાએ રાજેશ તરફ જોયું. તેને સારું ન લાગ્યું. તેણે કહ્યું. 'મેં કોઇ સિરિયલનું નામ લખીને તો કંઇ લખ્યું નથી. મેં તો જનરલ વાત કરી છે. તો પછી હું વ્યક્તિગત કોઇની માફી શું કામ માંગુ.'

રાજેશ પોતાની પત્ની અને બહેનના દબાણમાં એવો આવી ગયેલો કે તેણે પોતાની વિદુષી મા, જે એક ઉચ્ચ કોટિની લેખિકા છે તેનો અનાદર કરીને પત્ની સાથે ઘર છોડી દીધું.

સમતાને લાગ્યું કે જાણે દેશને ટી.વી. થી ટી.બી. થઇ ગયું છે. જેનો ઇલાજ અસંભવ છે.

- vanvihari@gmail.com

# ટેકનોલોજી રોકિંગ : અઢળક માહિતીથી છલકાતાં લેટેસ્ટ ગેઝેટનાં વપરાશથી યંગ જનરેશનની સ્માર્ટનેસ વધશે

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

વિશ્વની નીરનીરોળી શોધો સામાન્ય જનતા સુધી પહોંચવામાં કેટલો સમય લાગે છે એના પરથી જ એની પૉપ્યુલારીટીનો અંદાજ આવે છે. એવી જ કંઇક જનતાના ઘરમાં કે હાથમાં વિશ્વનાં પાંચ કરોડ લોકો સુધી પહોંચતા લાગેલાં વર્ષોની એક નામની યાદી જરા રસપ્રદ છે...

રેડિયો - ૩૮ વર્ષ
ટી.વી. - ૧૩ વર્ષ
ઈન્ટરનેટ - ૪ વર્ષ
આઈપોડ - ૩ વર્ષ
મોબાઈલ - ૨ વર્ષ

આ આંકડાઓને ઉપરથી જોઈએ તોય એમ લાગે કે ટેકનોલોજી માણસને ઓછો સમય અન્ગેજ રાખતું તું કે જે ટેકનોલોજી સાથે પોતાને જોડાવાનો સંબંધ નહોતો એ ટેકનોલોજી પ્રમાણમાં ધીમી ગતિએ માણસ સુધી પહોંચી... ટેકનોલોજીના વપરાશનો વેગ વધ્યો એમ એમ આ ટેકનોલોજીએ માણસને વધારેને વધારે વ્યસ્ત કરી દીધો, એ ટેકનોલોજી વાપરીને માણસનો એક્ટિવ રૉલ વધારી દીધો જેમ કે...

ફૅસબુકના જેટલા સદસ્યો છે એ પૈકી ૫૦ ટકા લોકો દિવસમાં એકવાર ભૂલ્યા વગર લોગ ઈન કરે છે...

કોઈ પણ સામાન્ય ફૅસબુક વાપરનારાને પણ ઓછામાં ઓછાં ૧૩૦ ફ્રેન્ડસ તો એના લીસ્ટમાં હોય છે... ફૅસબુક વાપરનારાની દસ કરોડથી વધુ યુવક-યુવતીઓ ફૅસબુકને મોબાઈલ દ્વારા જ ઉપયોગ કરે છે... ટ્વીટર પર દિવસમાં ઓછામાં ઓછા ૫ કરોડ ટ્વીટસ પ્રસિધ્ધ થાય છે... ટ્વીટસ વાપરનારામાંથી ૧૫ કરોડ લોકો એક્ટીવ યુઝર્સ છે... હવે આ તો થઈ આંકડાકીય માહિતી, હવે જરા થોડી ઑફબીટ વાતો જોઈ લઈએ!!

કોકને ઈમેલ કરવો છે? તમે એ ઈમેલ શેના પરથી મોકલશો? કૉમ્પ્યુટર પરથી? જો તમારો જવાબ 'હા' હશે અને જો તમે મેઈલ કરવા કે ચૅટ કરવાં કૉમ્પ્યુટર પર ઈન્ટરનેટ વાપરતા હશો તો તમે ઑલ્ડ ફૅશન અને ઑલ્ડ જનરેશનનાં છો...!! આંચકો લાગ્યોને આવું વાંચીને. પણ હાં આ વાત આજના યુવક-યુવતીની છે એટલે કે ઝૅડ જનરેશનની છે. એમનાં મતે હજી પોતાને યુવાન અને આધુનિક સમજનારી એક્સ અને વાય જનરેશન જૂની જ છે, કારણ કે તેઓ હજી પણ નવી ટૅકનોલોજી જૂના સાધનો પર વાપરે છે... ઈમેલસ અને ચૅટીંગ તો મોબાઈલ પર જ કરાય કૉમ્પ્યુટર પર નહીં એવું એમનું આગ્રહ પૂર્વકનું માનવું છે!!

કારણ મોટા ભાગના યુવક-યુવતીઓ હવે આધુનિક મોબાઈલ પરથી વાતોથી સાથે આ બે વાતો કરતાં હોય છે. અને આવું ન કરી શકતા બાબા આદમની પીઢીના કહેવાય છે. એમની આ મનોવૃત્તિમાં થયેલો બદલાવ એ સહજ અને સરળતાથી મોબાઈલ ઉપર ઉપલબ્ધ થતી મોબાઈલ ટેકનોલોજીની માહિતીને કારણે છે. પણ આ ચેન્જ માત્ર ઉપર છલ્લો જ છે એવું નિષ્ણાંતોને લાગતું નથી. એમનાં મતે ઈન્ટરનેટ અને મોબાઈલનાં રોજના વપરાશથી આપણાં મગજની વિચારશક્તિ અને વર્તમાં આમૂલ ફેરફાર લાવે છે. છેલ્લાં પાંચ વર્ષથી વિશ્વભરમાં એક જ પ્રશ્ન ચર્ચાય છે કે, "ઈઝ ગુગલ મેકિંગ અસ ડંબ?" એટલે ગુગલ વાપરીને આપણે શું ડોબા બનીએ છીએ?? ધ ફ્યુચર ઑફ ઈન્ટરનેટ-૨૦૨૦ના વિચારે આટલાં ફેરફારો અશક્ય જોવા મળશે એવું લાગી રહ્યું છે...

મગજની ઈન્ફોસીસ્ટમ બદલાશે - ઈન્ટરનેટ એક વૈશ્વિક માધ્યમ બનશે અને ભાષાની દિવાલો ધરાશાહી થઈ માહિતીનું આદાન-પ્રદાન સહેલું બની જશે. એના કારણે દરેક માહિતી સહેલાઈથી ઉપલબ્ધ થશે. આંખ વાંચશે, કાન સાંભળશે. મગજને માહિતી પહોંચાડશે પણ એ માહિતી એક જ સમયે અનેક સ્વરૂપમાં હશે. એમાંથી આપણા કામનું શું, શું બિનઉપયોગી, શું મૅમરીમાં રાખવાનું, શું ડિલીટ કરવાનું એવું એક તંત્ર મગજ પોતે વિકસીત કરશે અને એની વિગતવારી પ્રમાણે એની પ્રાયોરીટી નક્કી કરશે!!



બૅટર ચૉઈસ, સૉ મૅની ઑપ્શન...! આપણે હોટલમાં જમવા જઈએ અને મેનૂ કાર્ડ જોઇ જેવી અવસ્થા થાય એવું જ કંઇક, મગજ સુધી માહિતી પહોંચવાની ભીડભાડ રહેશે. અને એમાંથી મગજને અનેક પર્યાય મળશે અને એમાંથી નિર્ણય લેવાની ટેવ માણસે પાડવી પડશે. યુવા પેઢી વધુ સ્માર્ટ બનશે કારણ એમના મગજને અનેક પર્યાયમાંથી એક સારી વાત શોધવાની કસરત રોજ કરવી પડશે અને એ એકદમ સામાન્ય વાત માટે!! અને એટલે જ કદાચ ઈન્ટરનેટ વાપરતી પેઢી અધિક જ સ્માર્ટ બનશે!!

સ્માર્ટનેસ વધશે પણ બુધ્ધિના વિકાસનું શું...? કદાચિત ઈન્ટરનેટનાં અતિ વપરાશથી માણસો વધુ સ્માર્ટ બનશે, વર્તણુકમાં - બોલચાલમાં તેજ દેખાશે. લખવામાં પણ કદાચ જોરદાર થશે પણ એનાથી એમની બુધ્ધિમત્તા વધશે એવું નથી. સતત ટેકનોલોજીના ઉપયોગથી પોતે એકાદો દાખલો, ડિઝાઈન કે સાદો હિસાબ કે સ્પેલિંગમાં પણ લોચાં મારતાં દેખાશે, કારણ આજે જયારે બે-ત્રણ શબ્દો ટાઈપ કરતાં સ્પેલિંગનાં ઑપ્શન મળે છે ત્યારે એ યાદ રાખવાનું કષ્ટ કોણ લે!!

એકાકી જીવન અને સામાજિક જિંદગીમાં અથડામણ થશે... ઈન્ટરનેટનાં વપરાશથી એકાકી જિંદગી જીવવાની ટેવ પડશે. ચૅટ કરી શકશે પણ રૂબરૂમાં લોચાં લાગશે અને હજી ૧૦ વર્ષ બાદ ઈન્ટરનેટનો વપરાશ તો અત્યંત વધેલો હશે. છોકરા-છોકરીઓ સામાજિક જીવનનો બહિષ્કાર કરી લીવ ઈન રિલેશનમાં વધુ રહેતા દેખાશે... યુવક-યુવતીઓ બંધનો સ્વીકારશે નહીં અને પોતે જ દ્વિધામાં હોય એમ વર્તતા દેખાશે. અને એટલે જ આ યુવાનોને સામાજિક કાર્યોમાં એન્ગેજ રાખી ઈન્ટરનેટનાં ધોરણો ટકાવી રાખવા પડશે!!

**ચૂંટલો :**

ટૅકનોલોજીને ફિંગર ટીપ લઈને ફરતી યંગ જનરેશન સામાજિક જીવનને બૅલેન્સ કરવાની રીતભાત શીખી લેવી પડશે નહીં તો ફૅસબુક પર ઉધારીની વાહ-વાહ મેળવતાં યુવાનોને પોતાની લાગણીથી વખાણવાવાળા દીવો લઈનો શોધે તોય નહીં મળે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૫મી ઓગષ્ટ



● ભારતીય અધ્યાત્મ વિચારમાં તારુણ્ય લાવનાર અરવિંદ ઘોષનો જન્મ ૧૫-૮-૧૮૭૨.

વિશિષ્ટ ધર્મ પંથનો પ્રચાર કર્યા વિના વ્યાપક જીવન દૃષ્ટિ દેખાડી રાષ્ટ્રહીત, હિન્દુ ધર્મના સત્યો, યોગ સાધના વિશે નોંધપાત્ર પ્રદાન કરનારા અરવિંદ બાબુ સ્વાતંત્ર્ય લડાઇમાં જેલમાં પણ ગયા. પૉંડિચેરીમાં તેમનું અવસાન થયું.

● ૧૭૬૯ - 'અશક્ય' જેવો શબ્દ જેના જીવનમાં ન હતો. એ વીર નેપોલિયનનો જન્મ - ૧૭૬૯.

● ૧૯૪૨ - ગાંધીભક્ત મહાદેવભાઇ



દેસાઇનું અવસાન.

● ૧૯૪૭ - ભારતના પ્રથમ વડાપ્રધાન - જવાહરલાલ નહેરૂ બન્યા.

● ૧૮૬૫ - પારસી સાહિત્ય સર્જક સોરાબજી મંચેરજી દેસાઇનો જન્મ.

● સાહિત્ય સંશોધક લાલકૃષ્ણ જોષીનો જન્મ ૧૮૯૫.

# કયારેય પણ નવું કામ કે વધારાનું કામ આવી પડે તો હિંમત હાર્યા વિના એને વળગી રહેવામાં આવે તો ચોક્કસ સફળતા મળે એમાં શંકા નથી

**ટોપલીમાં તેજ લઈ નીકળી પડો,**
**પાણીની વચ્ચેથી રસ્તા થઈ જશે**

**- મનોજ ખંડેરિયા**

## પારિજાત

- રેખા ભટ્ટ

ઈશ્વરે સર્જેલા માણસમાં દરેકમાં કંઈકને કંઈક વિશેષતા છુપાયેલી પડેલી છે. સવાલ છે એ વિશેષતાને શોધી કાઢવાનો અને વિશેષ શક્તિથી આપણો ઝળહળાટ વધે અને દુનિયાને તે દેખાય તેવો પ્રયાસ કરવાનો.

મોટા ભાગે દરેક વ્યક્તિમાં આત્મવિશ્વાસની કમી હોય છે. પોતાની શક્તિમાં તેમને ભરોસો હોતો નથી એ લઘુથાગ્રંથી અનુભવતા હોય છે. પરિણામે જીવનનો ઉત્સાહ ખોઈ બેસે છે અને એક પ્રકારની રેઢિયાળ અને યંત્રવત્ જિંદગી જીવ્યે રાખે છે. જેનાથી એક પછી એક વર્ષો વીતતાં યથાસમયે ડીગ્રી કે નોકરી મેળવવા જેટલું તેઓ કામ કરે છે પણ ચહેરા પર જે તેજ કે ચમકાટ આવવો જાઈએ તે આવતો નથી.

પોતે યુવાન હોવા છતાં, ચહેરા પર કંઈક દબાયેલા હોવાનો, સંકોચનો, ક્ષોભનો કે લઘુતાગ્રંથીનો એક ભાવ છવાયેલો રહે છે.

આવું થવા પાછળ થોડીક આળસુ વૃત્તિ પણ કામ કરી જાય છે. મનમાં નક્કી હોય કે શું કરવું છે. મનગમતું મેળવવાની અનુકૂળતા પણ હોય છે. પણ કામમાં થોડીક ઢીલ રાખવાની વૃત્તિથી ધાર્યું પરિણામ મળતું નથી. અને પરિણામે લઘુતાગ્રંથી આવી જાય છે.

એકવાર એક કઠિયારો બુઠ્ઠી કુહાડીથી લાકડા કાપતો હતો. પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

કોઈકે કહ્યું, 'ભાઈ, કુહાડીની ધાર તો કાઢ.' 'અરે... શેઠ, એટલો સમય જ કયાં છે?' કઠિયારાએ જવાબ આપ્યો.

ઘણીવાર આવું બને છે. ધાર કાઢવાની આળસના લીધે લાકડાં કાપવામાં પરિશ્રમ એળે જાય છે.

આત્મવિશ્વાસ વિના કોઈપણ માણસ પાંગળો બની જાય છે. બહારની દુનિયામાં પગ મૂકવા માટે તૈયાર થઈ રહેલો કોશૅટો માંનો કીડો અસલામતી અનુભવે તો તે કદી રંગીન પતંગિયું બની શકે નહીં.

પોતાનો કોશૅટો તોડીને નવા મુકત વાતાવરણમાં ઉડવા માટે હિંમત અને આત્મવિશ્વાસ એકદમ જરૂરી બની જાય છે. અને એક વારએ કોશૅટામોનો કીડો ભયમુકત બની બહાર નીકળવાનો પ્રયત્ન કરે તો પછી આખુંએ આકાશ અને આસપાસનાં રંગબેરંગી ફુલો એનાં જ છે.

માટે એ હિંમત, પોતાનામાં રહેલું તેજ બહાર આવી જાય તો પછી કયારેય નિષ્ફળતા મળતી નથી. અને જીંદગી સામે ઝઝુમવાનું બળ મળી જાય છે.

કયારેય પણ નવું કામ કે વધારાનું કામ આવી પડે તો હિંમત હાર્યા વિના એને વળગી રહેવામાં આવે તો ચોક્કસ સફળતા મળે એમાં શંકા નથી.

એક સરસ રમૂજી વાર્તા છે કે -

એક નાનકડા ગામમાં એક પિંજારો હતો. નાનું મોટું કામ કરીને ગુજરાન ચલાવે. એકવાર રાજાની દીકરીનાં લગ્ન નક્કી થયાં .એટલે વધારે ગાદલાં-રજાઈઓની રાજાને જરૂર પડી. એટલે આ પિંજારાને કામ આપવાનું નક્કી કર્યું. ભાઈ પિંજારો તો આવડું મોટું કામ મળ્યું એટલે ખૂબ રાજી થયો અને હરખાઈને રાજમહેલ ગયો. અને કહે મને રૂ બતાવો એટલે હું કામ શરૂ કરૂં.

કારભારીએ મોટો ઓરડો ભરીને રૂ અગાઉથી મંગાવીને તૈયાર રાખેલું તે પિંજારાને બતાવ્યું.

હવે પિંજારો આટલું બધું રૂ એક સામટું જોઈને ગભરાયો. અને કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના ઘરે આવી ગયો અને રાત-દિવસ લવરી કરવા લાગ્યો.

આટલું બધું રૂ? કોણ પીંજશે અને કોણ ભરશે?

કોણ પીંજશે અને કોણ ભરશે?

રાજાના વજીરના કાને વાત પહોંચી. વજીર હતો કોઠાસૂઝ વાળો. ધીમે રહીને પિંજારાને બોલાવ્યો. અને પાસે બેસાડીને પૂછયું, 'ભાઈ, આ બધું કામ તારે એકલાએ નથી કરવાનું. તું માત્ર એટલું કહે કે, એક દિવસમાં તું કેટલાં ગાદલાં - રજાઈ બનાવી આપીશ?'

પિંજારો કહે, 'હજૂર, પાંચ ગાદલાં અને પાંચ રજાઈ દિવસ આખામાં બનાવી શકું.'

વજીર કહે, 'સારૂં, એના માટે જરૂરી હોય એટલું રૂ આ ઓરડામાંથી લઈ જા.'

પિંજારો રાજી રાજી થઈ ગયો. અને કામે વળગ્યો. કહેવાની જરૂર નથી કે પછી બધાં ગાદલાં - રજાઈ એણે જ બનાવ્યા.

કોઈ પણ કામ વાસ્તવિક રીતે બહુ મોટું નથી હોતું. માત્ર એના માટેનો ભય કામ પૂરૂં કરવા કરતાં અનેકગણો મોટો હોય છે.

ત્યારે જરૂરી બની જાય છે કે પોતાની જાતમાં શ્રદ્ધા રાખીને, પૂરા આત્મવિશ્વાસથી કોઈ આયોજન કરાય. અને પછી તેમાં ઝળહળતી સફળતા મળે જ એમાં કોઈ શંકા નથી.

**"જરા ધારીને જો,**
**તારા જ અંતરમાં**
**તરૂણ સૂર્ય સોનાના પદ્મની કળીની પેઠે**
**માથું ઊંચું કરીને ઊગે છે.**
**ધીમે ધીમે પ્રકાશની પાંદડી ચારે બાજુએ**
**ફેલાવવાની તૈયારી કરે છે -**
**તારા જ અંતરમાં "**

**- ટાગોર**